# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૨૯, માર્ચ - એપ્રિલ ૨૦૧૫



## ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવને ભવ્ય વિદાય અને નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લને આવકાર

તસ્વીર : નિરવ દવે



૪૦મી AIESCBની ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમ દ્વિતિય ક્રમે વિજેતા



નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લને યુજીવીસીએલ પરિવાર તરફથી આવકાર



'જાણવાનો હક્ક' કાર્યક્રમ અંતર્ગત વીજ વિતરણ વ્યવસ્થા અને RTI અંગે દુરદર્શન ખાતે પરિસંવાદ

# આ અંકમાં

વર્ષ–૫ અંક–૨૯, માર્ચ – એપ્રિલ ૨૦૧૫
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી હારીત શુકલ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રીમતી છાયાબેન દેસાઈ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી પી. બી. પંડ્યા, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ.એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી જે.એમ. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com

સંકલન : ૨૦/૦૪/૨૦૧૫

## આ અંકમાં

**વિદાય**



» ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવને ભવ્ય વિદાય અને નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લને આવકારવા સમારંભનું ગાંધીનગર ખાતે આયોજન..........૦૪

**આવકાર**

» નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લને યુજીવીસીએલ પરિવાર તરફથી હૃદયથી આવકાર........................૦૬

**સંવાદ**

» 'જાણવાનો હક્ક' કાર્યક્રમ અંતર્ગત વીજ વિતરણ વ્યવસ્થા અને આર.ટી.આઈ. અંગે દુરદર્શન ખાતે પરિસંવાદ..............૦૬

**કાવ્ય ધારા**

» વિરહી..................................................૦૯
» નીલ નભ..............................................૦૯
» તૃપા....................................................૦૯
»

**સંભારણા**

» ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવની સીઈઓ, મેડિસિનલ પ્લાન્ટન્સ્ બોર્ડ તરીકે તરીકે નિયુક્તિ : યુજીવીસીએલ પરિવારની શુભેચ્છા.......................................૧૦

**હાઈટેક લેબ**

» એનએબીએલ પ્રમાણિત હાઈટેક લેબોરેટરી દ્વારા મીટર પરિક્ષણની થઇ રહેલ સચોટ અને વિશ્વસનીય કામગીરી................૧૨

**શતરંજ**

» ૪૦મી ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમ દ્વિતિય ક્રમે વિજેતા, તેલંગાણા ટ્રાન્સ્કોની ટીમ ચેમ્પિયન........................૧૪

## સંદેશ



**સરકારની પ્રજા પ્રત્યેની નિષ્ઠા અને ગ્રાહકોને સર્વોતમ સેવા થકી સંતોષ આપવાની આપણી પ્રણાલિકા સાથે સહિયારો પુરૂષાર્થ દાખવી વધુ પ્રગતિશીલ બનીને આપણે આગળ વધીશું તેવો હું વિશ્વાસ ધરાવું છું**

**પ્રિય કર્મચારી મિત્રો,**

*''જ્યારે તમારા જીવનમાં તક આવે ત્યારે તેને ઝડપી લેવા તૈયાર રહીએ એ જ સફળતાની ચાવી છે''*

**- ડિઝરાયલી**

''આપણું યુજીવીસીએલ'' મુખપત્રના માધ્યમ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીના નાનામાં નાના કર્મચારીઓથી લઈને ઉચ્ચ અધિકારીઓને હું સાદર નમસ્કાર પાઠવું છું. પ્રથમવાર મને મુખપત્રના માધ્યમ દ્વારા સંવાદ કરવાનો મોકો મળ્યો છે જે માટે મારી જાતને અહોભાગ્ય માનું છું. આપ સર્વેને ૧૧મા કંપની દિનની શુભેચ્છા પણ પાઠવું છું.

ગુજરાત વિદ્યુતબોર્ડના પુનર્ગઠનથી રચાયેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે પૂર્ણ કરેલ દસ વર્ષની કામગીરી ઉપરાંત કંપનીની હાલમાં પ્રવર્તમાન કામગીરીથી માહિતગાર થવાના મેં સંનિષ્ઠ પ્રયાસ હાથ ધર્યા છે, જેના લીધે આપ સર્વેના સહિયારા પુરૂષાર્થ અને ભૂતકાળમાં દાખવેલ કાર્યક્ષમતાના ઉચ્ચ માપદંડોથી હું પ્રભાવિત થયો છું.

દસ વર્ષની કામગીરી દરમ્યાન કુલ ૧૩ (તેર) જેટલા રાષ્ટ્રિય તથા રાષ્ટ્રિય કક્ષાના પુરસ્કારોથી સન્માનિત કંપનીએ ભારતભરમાં ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. આ કંપનીની ધૂરા સંભાળતાં હું ગૌરવની લાગણી અનુભવું છું અને આપ સર્વેમાં રહેલી ક્ષમતાનો આદર કરું છું.

સરકારની પ્રજા પ્રત્યેની નિષ્ઠા અને ગ્રાહકોને સર્વોતમ સેવા થકી સંતોષ આપવાની આપણી પ્રણાલિકા સાથે, સહિયારા પુરૂષાર્થની કટિબદ્ધતા દાખવી વધુ પ્રગતિશીલ બનીને આપણે આગળ વધીશું તેવો હું વિશ્વાસ ધરાવું છું. મારા તરફથી આપ સર્વેની કામગીરી વધુ યશસ્વી બને તે માટે હકારાત્મક અભિગમની ખાત્રી આપું છું, જેથી કંપનીના ધ્યેયને સિદ્ધ કરી સફળતાની નવી ઊંચાઈઓ સિદ્ધ કરી શકાય.



**હારીત શુકલ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૦૧-૦૪-૨૦૧૫**

# ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવને ભવ્ય વિદાય

## અને નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લને આવકારવા સમારંભનું ગાંધીનગર ખાતે આયોજન





તા. ૧૩-૩-૨૦૧૫ના રોજ ગાંધીનગર ખાતે આવેલ છપ્પનભોગ હોટલના બેનક્વેટ હોલ ખાતે કંપનીના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવને ભવ્ય વિદાય અને નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લને આવકારવા એક સમારંભનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવોનું બૂકે આપીને સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ દિપપ્રાગટ્ય કરીને પ્રમુખશ્રી તરીકે શ્રી હારીત શુક્લની વરણી કરવામાં આવેલ. શ્રીમતી જિજ્ઞાબેન આર્યા દ્વારા પ્રાર્થનાગીત રજૂ કરવામાં આવેલ.

આ પ્રસંગે સન્માનિત મહાનુભાવો ઉપરાંત કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન આર. દેસાઈ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એસ.આર. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર.બી. કોઠારી, એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ અને વિશાળ સંખ્યામાં ઉચ્ચ અધિકારી/કર્મચારી ભાઇઓ તથા બહેનો ઉપસ્થિત રહીને પ્રસંગને યાદગાર બનાવેલ.

સ્વાગત પ્રવચનમાં સાબરમતી સર્કલના અધિક્ષક ઇજનેર શ્રી બી.પી. બુચે ઉપસ્થિત કર્મચારીઓને શબ્દોથી સ્વાગત કરીને વિદાય થયેલ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન આપીને સાબરમતી સર્કલને વધુ અસરકારક કામગીરી માટે સતત પ્રોત્સાહન આપેલ જે બદલ આભાર માની નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લને સહકારની ખાત્રી આપીને ભાવી કામગીરી માટે શુભેચ્છા પાઠવેલ.

એડિશનલ જનરલ મેનેજર (એચ. આર.) શ્રી એ.સી. પ્રજાપતિએ પોતાની શરૂઆતની કારકિર્દીના આઠ મહિનાના કાર્યકાળ દરમિયાન આપેલ માર્ગદર્શનને હંમેશા યાદગાર જણાવી આભારની લાગણી વ્યક્ત કરેલ અને નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટરને ભાવિ કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) દ્વારા વિદાય લઈ રહેલ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા કંપનીના તાબા હેઠળની ઓફિસોનું નવીનિકરણ કર્મચારીઓ અને ગ્રાહકોની સુવિધા વધારવા માટે સતત પ્રયત્નશીલ કામગીરી ઉપરાંત એચ.આર.ની કામગીરી સોંપેલ તે બદલ આભારની લાગણી વ્યક્ત કરી ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવેલ. તેમજ નવા મેનેજિંગ ડિરેક્ટરશ્રીને સહયોગની ખાત્રી આપેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર.બી. કોઠારીએ છેલ્લા ત્રણ વર્ષથી સતત કંપનીએ મેળવેલ એ-પ્લસ રેટિંગ માટે તેમજ કોર્પોરેટ ઇન્કમટેક્સ બચાવવા માટેની મહત્ત્વની કામગીરીની યાદ અપાવેલ તેમજ કંપનીની આવક માટે સતત જાગૃતી બતાવવા બદલ મેનેજિંગ ડિરેક્ટરશ્રીની કામગીરીની પ્રસંશા કરેલ અને નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટરશ્રીને આવકાર આપેલ.

કંપનીના મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એસ.આર. પટેલે પોતાના વક્તવ્યમાં જણાવેલ કે 'છેલ્લા ત્રણ વર્ષથી વધુ સમય માટે કામ કરીને આપણી કંપનીમાંથી વિદાય લઈ રહેલ મેનેજિંગ ડિરેક્ટરશ્રી વિશે કંઈક કહેવું તે ગાગરમાં સાગર સમાવવા જેટલું અઘરું છે તેમ છતા તેમની સાથે કરેલ કામગીરી હંમેશા યાદગાર રહેશે.' તેમજ કંપનીના રચનાત્મક કાર્ય માટે અધિકારીઓ તથા કર્મચારીઓને આપેલ રચનાત્મક સહયોગ દ્વારા ગ્રાહકલક્ષી અભિગમની પ્રસંશા કરેલ. તમામ ગ્રાહકોના મોબાઇલ નંબર દ્વારા બીલની જાણ કરવી તેમજ પેમેન્ટ અંગે ગ્રાહકોને જાણ કરવાની યશસ્વી કામગીરી મહત્ત્વપૂર્ણ જણાવેલ તેમજ કસ્ટમર કેર સેન્ટરને અત્યાધુનિક બનાવવા માટે તેમજ અમદાવાદની આજુબાજુ તથા ડીસ્ટ્રીક્ટ

હેડ ક્વોટરમા આવતા સબડિવિઝનના ગ્રાહકોની ફરિયાદના નિવારણ માટે એક જુદા જ અભિગમ ધરાવતા કમ્પ્લેઇન સેન્ટર દ્વારા તેમજ ગ્રાહકોની વીજ વિક્ષેપ અંગેની ફરિયાદો ઓછામાં ઓછા સમયમાં નિવારી શકાય તે માટે કંપનીના વાહનોને પણ જીપીઆરએસ સિસ્ટમ સાથે જોડીને ઝડપી નિરાકણ લાવવાનો પ્રયત્ન હાથ ધરેલ.

ફરિયાદના ઝડપી નિવારણ માટે લેડર વ્હિકલ (નિસરણીવાળું વાહન) કેવું હોવું જોઈએ તેની ડિઝાઇન જાતે અભ્યાસ કરીને તૈયાર કરાવેલ. તેઓશ્રી દ્વારા આઈ. ટી. ક્ષેત્રમાં પણ વધુમાં વધુ આધુનિક ઢબે વિવિધ કામગીરી કરવી કે જેથી કંપનીના ગ્રાહકોને વધુ સારી સેવા આપી શકાય તે માટે પ્રયત્ન હાથ ધરેલ. પોતાના સ્વભાવ દ્વારા સહકર્મચારીઓમાં હંમેશા પોતાની વધુ નિકટ હોય તેઓ ભાવ ઊભો કરેલ. તેઓશ્રીને ભવિષ્યની વધુ યશસ્વી કામગીરી માટે શુભેચ્છા પાઠવેલ.

નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર હારીત શુક્લને યુજીવીસીએલ પરિવાર તરફથી હૃદયપૂર્વક સ્વાગત કરીને પૂરાં સહકારની ખાત્રી આપી તેમના માર્ગદર્શન હેઠળ પણ યુજીવીસીએલની ટીમ ખડેપગે તૈયાર રહીને તેઓશ્રીની દોરવણી હેઠળ કામ કરી યુજીવીસીએલ કે જે ભારતભરની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની છે અને રહેશે તેવી અભ્યર્થના સાથે આભારની લાગણી વ્યક્ત કરેલ.

મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન આર. દેસાઈએ પોતાના વક્તવ્યમાં અગાઉના વક્તાઓ દ્વારા રજૂ કરવામાં આવેલ મુદ્દાઓ અંગે અનુમોદન આપેલ. એક જાગૃત મેનેજિંગ ડિરેક્ટર તરીકે સતત નવું કરવાની ખેવનાને બિરદાવી હતી. એક સફળ વ્યક્તિ પાછળ હંમેશા એક સ્ત્રીનો હાથ હોય છે તેવું જણાવી તેમના ધર્મપત્નીએ કંપની માટેની કામગીરી માટે હંમેશા આપેલ સહયોગને યાદ કરીને તેઓને પણ બિરદાવેલ. ભવિષ્યની કામગીરી માટે શુભેચ્છા પાઠવેલ અને નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટરશ્રીને સહયોગની ખાત્રી આપી શુભેચ્છા પાઠવેલ.

વિદાય લઈ રહેલ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા પોતાના પ્રાસંગિક પ્રવચનમાં પોતાની કામગીરીને સફળ બનાવવા માટે કંપનીના તમામ ઉચ્ચ અધિકારીઓ અને નાનામાં નાના કર્મચારીઓએ આપેલ સહકાર અદ્‌ભૂત હતો તેમ જણાવી કંપનીના કર્મચારીઓની કાર્યદક્ષતાનો થયેલ અનુભવ યાદગાર હોવાનું જણાવી તેઓ માટે જિંદગીનું એક સંભારણું બની રહેશે તેવી ભાવના વ્યક્ત કરેલ. પોતાના કાર્યકાળ દરમિયાન તેઓએ બે મહત્ત્વની ઘટનાઓની યાદ અપાવીને એક હેંડીકેપ કર્મચારીને આપવામાં આવેલ નોકરી તથા ‘સ્પોર્ટસ મીટ’ દ્વારા વિશાળ સંખ્યામાં કર્મચારીઓને મનોરંજિત કરવાની ઘટના અંગેની કામગીરીને મહત્ત્વનું પાસુ જણાવેલ. સાથ અને સહકાર આપવા બદલ તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કરી નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લને ભવિષ્યની કામગીરી માટે શુભેચ્છા પાઠવેલ.

સમારંભના પ્રમુખ અને નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સમગ્ર કાર્યક્રમ દરમિયાન તમામ વક્તાઓ દ્વારા રજૂ કરવામાં આવેલ કંપનીની કામગીરી અંગેની માહિતી દ્વારા કંપનીની કાર્યદક્ષતાની ખાત્રી મળી હોવાનું જણાવેલ તેમજ ભારતભરની વીજ વિતરણ કંપની પૈકી મહત્ત્વનું સ્થાન ધરાવનાર કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકેની નિયુક્તી માટે ગૌરવની લાગણી અનુભવી રહેલ હોવાનું વ્યક્ત કરેલ. તમામ કર્મચારીઓને નવીન વિચારો સાથે ગમે તે સમયે રૂબરૂમાં મળી શકાય તે માટે અનુરોધ કરેલ. વિકાસની ગાથાને વધુ ઊંચાઈએ લઈ જવાના ભગીરથ કાર્યમાં મહત્ત્વનો સાથ અને સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા રાખી અત્યાર સુધીમાં મેળવેલ સિદ્ધિઓ માટે સહભાગી તમામ કર્મચારીઓને ખાસ અભિનંદન પાઠવેલ.



વિદાય લઈ રહેલ તેમજ નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી એ.આર. વખારીયા, કાર્યપાલક ઇજનેર, બાવળા તથા શ્રી કે.ડી. બારોટ, નાયબ ઇજનેર, કોર્પોરેટ ઓફિસ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ આયોજન અધિક્ષક ઇજનેર શ્રી બી.પી. બુચના માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેર, ગાંધીનગર, શ્રી જી.એચ. એન્જિનીયરના નેતૃત્વ હેઠળ નાયબ ઇજનેર શ્રી એસ.કે.ભાવસાર, શ્રી એન.આર. દવે, શ્રી નીતિનભાઈ ત્રિવેદી, શ્રી ચંદુભાઈ પરમાર અને અન્ય કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ. ■

## આવકાર

# નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લને યુજીવીસીએલ પરિવાર તરફથી હૃદયથી આવકાર



તા. ૦૨-૦૩-૨૦૧૫ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી હારીત શુક્લ, આઇ.એ.એસ. નિયુક્ત થતા તેમણે હોદ્દો સંભાળી લીધેલ છે. તા. ૧૫-૦૬-૧૯૭૬ના રોજ ઉત્તર પ્રદેશના વારાણસી ખાતે જન્મેલ શ્રી શુક્લ ૧૯૯૯ની બેચના આઇ.એ.એસ. અધિકારી છે અને ગુજરાત કેડરમાં કામ કરે છે. તેઓ બી.ટેક. (ટેક્ષ્ટાઇલ એન્જિનીયરીંગ)ની પદવી ધરાવે છે.

આઇ.એ.એસ. અધિકારી તરીકે તેઓશ્રીએ સૌ પ્રથમ આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે વર્ષ ૨૦૦૦માં ખેડા જિલ્લાથી પોતાની કારકીર્દિની શરૂઆત કરેલ અને મહેસૂલ વિભાગ અને જિલ્લા વહીવટનો અનુભવ પ્રાપ્ત કરેલ.

ત્યારબાદ ભૂજ ખાતે જિલ્લા વિકાસ અધિકારી તરીકે વર્ષ ૨૦૦૩થી ૨૦૦૬, બનાસકાંઠા ખાતે કલેક્ટર તરીકે વર્ષ ૨૦૦૬થી ૨૦૦૯ અને અમદાવાદમાં કલેક્ટર તરીકે વર્ષ ૨૦૦૯થી ૨૦૧૧ દરમ્યાન ફરજ બજાવેલ. જોઇન્ટ સેક્રેટરી તરીકે આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગ, ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૧થી ૨૦૧૪ દરમ્યાન કામગીરી કરેલ.

શ્રી શુક્લ ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં જોડાયા પહેલાં નિયામકશ્રી તરીકે અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર ખાતે કાર્યરત રહેલ. ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં યશસ્વી કામગીરી બાદ મેનેજિંગ ડિરેક્ટર તરીકે કામગીરી સંભાળતા શ્રી શુક્લ ઊર્જા ક્ષેત્રે પોતાની કામગીરીમાં જોડાઈ ગયેલ છે.

જિલ્લા કલેક્ટર તરીકેની કામગીરીની રૂપરેખા અન્વયે યુજીવીસીએલના ભૌગોલિક બે મોટા વિસ્તાર - બનાસકાંઠા અને અમદાવાદથી અને તે થકી આપણી કંપનીની કામગીરીથી સુપેરે માહિતગાર છે જ. એટલે બહુ જ ઝડપથી આપણી કંપની સાથે સંકલન સાધી શકશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહેલ છે.

યુજીવીસીએલ પરિવાર ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના અનુગામી શ્રી હારીત શુક્લને આવકારે છે અને ભવિષ્યની યશશ્વી કામગીરી માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ■

# ‘જાણવાનો હક્ક’ કાર્યક્રમ અંતર્ગત વીજ વિતરણ વ્યવસ્થા અને આર.ટી.આઈ. અંગે દુરદર્શન ખાતે પરિસંવાદ




તા. ૧૩-૪-૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે આવેલ દૂરદર્શનની ગીરનાર ચેનલમાં ‘જાણવાનો હક્ક’ કાર્યક્રમ અંતર્ગત વીજ વિતરણ વ્યવસ્થા અને આર.ટી.આઈ. વિષય પર પરિસંવાદનું આયોજન દૂરદર્શન કેન્દ્ર ખાતે જીવંત પ્રસારણ કરીને સાંજે ૭:૦૦ વાગ્યાથી ૮:૦૦ વાગ્યા દરમ્યાન કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં નિષ્ણાંત તજજ્ઞ તરીકે શ્રીમતી છાયાબેન આર. દેસાઈ મુખ્ય ઇજનેર (ઓપરેશન) અને શ્રી પ્રેમલભાઈ જોશી, એડવોકેટ, ગુજરાત હાઇકોર્ટને પરિસંવાદ અને પ્રશ્નોત્તરી માટે આમંત્રણ પાઠવવામાં આવેલ. કાર્યક્રમના નિર્માતા શ્રી ગિરિશ કુંભારે હતા. જ્યારે કાર્યક્રમનું સંકલન શ્રી અમરભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ. દૂરદર્શન સ્ટુડિયોમાં પ્રશ્નોત્તરી દરમ્યાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી વીજ ગ્રાહકો દ્વારા તેઓને મુંઝવતા પ્રશ્નો પુછવામાં આવેલ. શ્રીમતી છાયાબેન દેસાઈને પુછવામાં આવેલ પ્રશ્નોનો

સચોટ અને સંતોષકારક જવાબ આપવામાં આવેલ. સદર કાર્યક્રમ અંગેની જાણ કોર્પોરેટ કમ્યુનિકેશન ટીમ દ્વારા ઈ-મેઈલ દ્વારા તમામ કર્મચારીઓને કરવામાં આવેલ. આ પ્રસંગે દુરદર્શન સ્ટુડિયોમાં શ્રી આર.બી. પટેલ, કાર્યપાલક ઇજનેર (આરએન્ડડી), શ્રી કે.ડી. બારોટ, નાયબ ઇજનેર, કોર્પોરેટ ઓફિસ, શ્રી કે.કે. સથવારા, મેનેજર (સીસી), શ્રી શૈલેશ નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) ઉપસ્થિત રહેલ.

**પ્રશ્ન : વીજ વિતરણની એક વ્યવસ્થાને જો વ્યાપક રીતે વિચારવામાં આવે તો શું માળખું છે અને આ આખી વ્યવસ્થા કેવી રીતે ગોઠવાયેલ છે?**

**જવાબ :** વીજ ઉત્પાદન થયા પછી આપણે ભારે દબાણવાળી લાઇનો નાખી તેને પ્રવહન કહેવાય. પ્રવહન થયા પછી સબ-સ્ટેશન નાખવા પડે આપણે સબ-સ્ટેશનમાંથી જે કોઈ લાઇન આવે એને વિતરણનો વિભાગ કહેવામાં આવે અને એ વીજ વિતરણની લાઇનો નાખ્યા પછી ટ્રાન્સફોર્મર મુકીને ઘેર ઘેર પાવર સપ્લાય આપતા હોય અને આના માટે આપણે એરિયા આધારિત ઓફિસો બનાવેલી છે.

દરેક કંપનીમાં હેડ તરીકે મેનેજિંગ ડિરેક્ટર હોય છે અને એમની નીચે સર્કલ ઓફિસ, એની નીચે ડિવિઝન ઓફિસ અને નીચે સબ ડિવિઝન ઓફિસ હોય છે. સબ ડિવિઝન ઓફિસ તમામ પ્રકારની કાર્યવાહી કરે છે. કનેક્શન આપવાથી માંડીને એની ફરિયાદ સાંભળવાથી માંડી અને તમામ પ્રકારની કાર્યવાહી સબ ડિવિઝન મેળવે છે.

**પ્રશ્ન : આ આખું એક માળખું છે એમાં જુદા જુદા સ્થળે શું આપના નિષ્ણાંત, એન્જિનીયરની ખાસ સેવાઓ લેવામાં આવે છે અથવા તો એ કેવી રીતે એન્જિનીયરની સેવાઓનું માળખું ગોઠવાયેલું છે?**

**જવાબ :** દરેક સબ ડિવિઝનમાં એન્જિનીયર બેસાડવામાં આવે છે. કોર્પોરેટ ઓફિસની અંદર જોઈએ તો વિતરણની જે વ્યવસ્થા છે એ વિતરણની વ્યવસ્થાની અંદર કનેક્શન આપવાનું અને ટેક્નિકલ સંબંધિત જે કાઈ પ્રશ્નો હોય તે ઉકેલવાના અને એના માટે નવી લાઇનો નાખવાની, એની ડિઝાઇન કરવાની હોય અને એના માટે કયું મટિરિયલ ગુણવત્તાસભર મેળવવું એ બધા માટે એન્જિનીયરો કાર્યરત હોય છે. ઘણી વખત ફોલ્ટ થયા હોય અને આ એક ટેક્નિકલ બાબત હોય છે. તેમા પણ એન્જિનીયરોની જરૂરત હોય છે એટલે એન્જિનીયરો પ્રાથમિક ધોરણે કાર્યરત હોય છે.

**પ્રશ્ન : ગ્રાહકો સાથે સીધો સંપર્ક થઈ શકે એ માટે શું વ્યવસ્થા છે?**

**જવાબ :** ગ્રાહકોનો સીધો સંપર્ક સબ ડિવિઝન ઓફિસમાં થતો હોય છે. કોઈ પણ નાના ગ્રાહક માટે સીધા સંપર્ક માટે સબ ડિવિઝનની વ્યવસ્થા હોય છે. ૪૦થી પણ




ઓછા ગામડા હોય તો એમની માટે એક સબડિવિઝનની વ્યવસ્થા છે.

**પ્રશ્ન : લોકોને જે માહિતી મેળવવાનો અધિકાર છે એની જો વાત આવે છે તો માહિતી પ્રાપ્તીના અધિકાર માટેની શું વ્યવસ્થા છે?**

**જવાબ :** દરેક ઓફિસ, ડિવિઝન, સબ ડિવિઝન, સર્કલ ઓફિસ અને કોર્પોરેટ ઓફિસ દરેક જગ્યાએ એક જાહેર માહિતી અધિકારીની નિમણૂંક હોય છે એની સાથે એક સહાયક અધિકારી પણ હોય છે, જે નોમિનેટ કરીને એનું ડિસ્પ્લે પણ કરવામાં આવે છે અને દરેક ઓફિસ ઉપર એનું ડિસ્પ્લે પણ મુકવામાં આવે છે. એટલે જાહેર અધિકારી નામ સાથે ડિસ્પ્લે કરવામાં આવે છે.

**પ્રશ્ન : જ્યારે સામાન્ય વાવાઝોડું આવે કે વંટોળ આવે ત્યારે શું પ્રિકોશન ખાતર લાઇટ બંધ કરવામાં આવે છે? કે કોઇ બીજા વિસ્તારમાં કોઇ મોટી હોનારત ન થાય તેના માટે બંધ કરવામાં આવે છે?**

**જવાબ :** એવું કહી શકાય કે જો ખરેખર વાવાઝોડું આવે તો પ્રિકોશન માટે પહેલાં લાઇટ બંધ કરવી જ જોઈએ. કારણ કે જો લાઇટના વાયર નીચે ઉતરે અને કોઈ આજુ બાજુમાંથી પસાર થતું હોય અને ભુલથી એને અડે અથવા કોઈ જતુ હોય એની ઉપર પડે તો માનવ હોનારત સર્જાતી હોય છે. એટલે વાવાઝોડા વખતે અમે લાઇટ બંધ પણ કરતા હોઇએ છીએ, પણ વાવાઝોડું થોડા સમય માટે આવીને જતું રહ્યું હોય તો વાવાઝોડાના




ગયા પછી અમે ધીરે ધીરે લાઇનો શરૂ કરતા હોઇએ છીએ અને એ વખતે પણ પહેલા તકેદારી લેતા હોઇએ છીએ કે કોઈ જગ્યાએ વાયર તૂટીને નીચે તો નથી પડી ગયા.

જ્યારે પવન સાથે કોઈ વરસાદ કે બહુ પવન આવતો હોય ત્યારે ઘણી વખત અમારી લાઇનો જે અમે પીન માઇનિંગ કરેલી હોય છે તે ઇન્સ્યુલેટર સાથે એ ઉતરી જતુ હોય છે અને એના લીધે નીચે પાવર આવવાની શક્યતાઓ ઘણી ઊભી થતી હોય છે અને લાઇન બંધ થઈ જતી હોય છે. તો અમારે

પણ શોધવું પડતું હોય છે કે ક્યાં શું થયું છે, કોઈ વખત તો એવું બની શકે કે લાઇન તૂટી ગઈ છે તો પાવર ભંગાણ થવાનું જ છે અને એવા વખતે અમારે પણ એ જ ફોનનો ઉપયોગ કરીને અમે અમારા લાઇન સ્ટાફ જોડે સંપર્કમાં રહેતા હોઈએ છીએ. લાઇન સ્ટાફને અમે જેટલા જલ્દી ઇન્સ્ટ્રક્શન આપીએ એટલા જલ્દી કામ શરૂ કરી શકે છે. ઘણી વાર એવું થતું હોય કે લાઇન સ્ટાફને કોઇ મટિરિયલની જરૂર હોય તો અમારી પાસે માંગણી કરતા હોય છે અને આવા વખતે ફોન એટલા બધા વ્યસ્ત હોય છે કે બની શકે ઘણી વખત અમે લોકોના ફોન ઉપાડતા શકતા નથી.

**પ્રશ્ન : ક્યારેક જો વીજ પુરવઠો ખોરવાયો હોય અને જો વીજ કંપનીમાં ટેલિફોનથી જાણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો સતત ફોન નથી જ લાગતો, શું આ માટે કોઇ વ્યાપક વ્યવસ્થા છે?**

**જવાબ :** ફોન સતત ચાલુ જ હોય છે, સતત ફોન પર વાત થતી હોય છે, કોઈ જગ્યાએ અમારે જાણકારી મેળવવાની હોય છે, કોઈ વખત વાયર નીચે પડી ગયો, થાભલો નીચે પડી ગયો હોય, જો કોઈ લાઇન બંધ ન થઈ હોય તો અમારે કરાવવી પડતી હોય છે. કોઈ વાર ચાલુ કરાવવા માટે પણ અમારે લોકોનો સંપર્ક કરવો પડતો હોય છે. આ સિવાયનો ઉપયોગ એ છે કે બધા અમારા એન્જિનીયરો અને લાઇનમેન પાસે મોબાઇલની વ્યવસ્થા છે. જે લોકો પાસે લગભગ હોય જ છે. આ સિવાય ગ્રાહકો માટે ટોલ ફ્રી નંબર ઉપલબ્ધ છે જે બીલની પાછળ આ નંબર આપેલો હોય છે અને જેનુ બીલ અમે ભરીએ છીએ.

**પ્રશ્ન : વીજ ચોરી જ્યારે દૂરના કે નજીકના વિસ્તારોમાં આ રીતે ખૂબ જ મોટાપાયે થતી હોય ત્યારે શું સંદેશ કહેશો?**

**જવાબ :** વીજ ચોરી એ સૌથી મોટું દૂષણ છે. જ્યારે કોઈ વ્યક્તિ વીજ ચોરી કરે છે ત્યારે જરૂરી નથી કે એમની પાસે પૈસા નથી અને એને વીજળી વાપરવી છે. ઘણી વખત લોક દેખાદેખીમાં વીજ ચોરી કરે છે. ઘણી વખત જરૂર નથી હોતું અને લોકો વીજ ચોરી કરતા હોય છે. જ્યારે કોઈ વખત મફત વીજળી વાપરવાની હોય ત્યારે વિવેક પણ જતો રહે છે. એટલે વીજળીની ચોરી એ બિલકુલ ચલાવી લેવી ન જોઈએ.

જ્યારે પણ બિન જરૂરી વીજળીનો ઉપયોગ થાય એનું ભારણ કંપની માથે પણ આવે છે. જો વીજ કંપનીનો ભારણ ઘટે




તો એનો સીધો લાભ લોકોને જ મળે છે. વીજળીની ચોરી એ બહુ જ તકલીફવાળી વસ્તુ હોય છે. કંપની માટે અને વીજ કંપનીઓને વારંવાર રેડ કરવી પડતી હોય છે, એના ઘણા બધા ખર્ચા પણ થતા હોય છે, લોકો સાથે પણ ઘર્ષણમાં ઉતરવું પડતું હોય છે, લોકોને સારી સેવાઓ આપવાને બદલે આવી કાર્યવાહી કરવી પડતી હોય છે. તો જો વીજ ચોરી ઓછી થઈ જાય તો આનાથી સારી સેવા પણ મળી શકે છે. વીજળીની ચોરી થાય તો આપણે વીજળી વધારે ઉત્પન્ન કરવી પડતી હોય છે. એ પોલ્યુશનમાં પણ નુકસાન કરે છે અને પોલ્યુશનથી તો દુનિયા આખીને નુકસાન થવાનું છે તો આપણે વિવેકથી વીજળી વાપરવી બહુ જરૂરી છે.

**પ્રશ્ન : જો કોઈ ગ્રાહકનું મીટર ફાસ્ટ ફરતું હોય અને વીજળીનું બીલ વધારે આવતું હોય તો એણે શું કરવું જોઇએ અને કંપની તરફથી શું કરવામાં આવે છે?**

**જવાબ :** જો આપને એવું લાગતું હોય કે મારું મીટર અચાનક ફાસ્ટ ફરવા લાગ્યું તો સૌથી પહેલાં કંપનીને જાણ કરવાની હોય છે અને જે તે સબ ડિવિઝનમાં લેખિત જાણ કરવી બહુ જરૂરી હોય છે. જેથી એ રજિસ્ટરમાં નોંધાય કે આપનું મીટર ફાસ્ટ ફરે છે અને કઈ તારીખથી ફરે છે એવો થોડો અંદાજ આવે. ત્યાર બાદ અમારા એન્જિનીયરો તપાસ કરે છે અને એમને એવું લાગતું હોય કે આ મીટર ખરેખર ફાસ્ટ છે તો એ મીટર બદલીને એક્સેન્જ કરતા હોય છે. ઘણી વાર એવું કહેવામાં આવે છેકે તમારું મીટર બરાબર છે તો ગ્રાહકને એવું લાગે કે એનાથી મને સંતોષકારક જવાબ મળ્યો નથી અને મારું મીટર વધારે ફરે છે. એવા કિસ્સામાં એ પૈસા ભરીને લેબોરેટરીમાં ટેસ્ટ કરાવી શકે છે. જ્યારે ટેસ્ટિંગ ફીના પૈસા ભરીને લેબોરેટરીમાં ટેસ્ટ કરાવે ત્યારે ગ્રાહકને પણ હાજર રાખવામાં આવતા હોય છે. ઘણી વખત એવું કહે છે કે કોઈ ઓથોરેટિને હાજર રાખવું છે તો અમે તેને પ્રોત્સાહન કરતા હોય છે, પણ ગ્રાહકને પૂરી રીતે સંતોષ થાય કે મારું મીટર જે ફરે છે એ બરાબર ફરે છે એવા અમે પ્રયત્નો કરતા હોય છે. ■



## વિરહી

નયન બિડાઈને ખૂલતાં,
પથ પહોંચતો મુજ લગી
વાત લઈને કે 'એનું આગમન'
ને રોમહર્ષિત આનંદઓઘ ઉર ઊઠ્યા.
આવ આવ દોડી આવ...
અનિલ ઉતાવળો આવી કર્ણ સંગ,
ગોઠડી માંડે છે મનભર મસ્ત.
વૃક્ષાવલિ હારોહાર હોડ બકે છે,
ઝૂકે જાણે સલામ સ્નેહ સ્વાગતમ્
પણે મયૂર ટહુકે ને કોકિલ 'કુહુ કુહુ'
સરવર જલતરંગ કમલદલ ઉમંગ
સર્વ ગાનગીત વિરહીતના મિલન તણાં
પણ... રે આ શું?
એ તો ખાલી ખોટી ખબર
પથ પણ વેરાન ને પવન ક્યાંય નથી.
મયૂર - કોકિલની વાત જ શી!!
ઝાડવાં ઝૂક્યાં શોભીલું સરવર ક્ષોભીલું.
ને કમલ-પોયણું શેહમાં સૂનું સૂનું.
ને વિરહી તું એકલો હૈયાહાર સંગે
વેરાનમાં મધુવન ભાળે...

## નીલ નભ

નીલ નભને તેજપુંજ રવિ,
એકમેકના દિલમાં વસે.
દિવાકર આભરત્ન બની શોભે,
કે આભ સૂર્ય સોહાવે સ્વેહે.
પ્રભાતના પગરણે પૂર્વે પ્રગટતો,
આભમાં અવનિ અજવાળતો અને
નીલ નભને નેહથી નીરખતો,
સ્નેહલ સ્થિર ગતિ આભસંગ
મધ્યાહ્નવેળા વીત્યે, વીતે આવશે સંધ્યા.
ઉદાસીન આભલું ને સૂર્ય કહેતો જાણે,
મિત્ર મિલાપ કાલ પ્રભાતે વ્યથા શાને,
એમ આશ્વસ્ત આભ આનંદી રહે,
આજ જ સુખના દિન વહ્યા કરે.
...પણ આભ આજ કેમ વિલાપે!
ખાલીપાના વંટોળ ને વેદના છલછલે,
અને કહે જાણે...
આજ રવિ રિસાયો છે શી ખબર,
નજર પણ માંડી નથી દિનભર દિનકરે
સંધ્યા ટાણે ચાલ્યો ગયો...
''આવજો'' પણ કહ્યું નથી.

## તૃષા

વાદળ વાંઝિયું મલકે છે,
પણ ક્યાં છલકે છે.
શશી વાદળછાયો,
ચાંદની ક્યાં રેલાવે છે.
શીતળ વાયુ વાયો,
પણ શાતા ક્યાં છે.
આ રહ્યું અક્ષય પાત્ર,
શાશ્વત ક્ષુધા ક્યાં મિટાવે છે
જલપાત્ર છલોછલ,
અતૃપ્ત ક્યાં છિપાવે છે.



**શ્રી ઘનશ્યામ પટેલ**
એક્ઝિક્યુટિવ એન્જિનીયર,
લાયઝન ઓફિસ, ગાંધીનગર

# ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવની સીઈઓ, મેડિસિનલ પ્લાન્ટન્સ્ બોર્ડ તરીકે તરીકે નિયુક્તિ : યુજીવીસીએલ પરિવારની શુભેચ્છા...











તારીખ ૭-૭-૨૦૧૧ના રોજ યુજીવીસીએલ પરિવાર સાથે જોડાયા બાદ પોતાના સરળ અને શાલીન સ્વભાવને લીધે નાનામાં નાના કર્મચારીને પોતાના નજીકના હંમેશા લાગતા એવા મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી એન. શ્રીવાસ્તવ કર્મચારીઓના હૃદયમાં હંમેશા ચિરંજીવ રહેશે. તેમના કાર્યકાળ દરમ્યાન કંપનીએ મહત્ત્વની કામગીરી હાથ ધરીને પ્રગતિના સોંપાન સર કરી મહત્ત્વની ઊંચાઈઓ હાંસલ કરેલ છે.

જેમના પ્રોત્સાહક અભિગમને લીધે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન દેસાઈ 'વુમન ઇન પાવર સેક્ટર'ના એવોર્ડથી સન્માનિત થયેલ. ઉત્તરાખંડના યુપીસીએલના સભ્યોએ RAPDRPની કામગીરી અભ્યાસ માટે કંપનીની મુલાકાત લીધી જેઓને માહિતગાર કરવામાં આવેલ. વીજ બચત અને ગ્રાહક સાથેના પરામર્શ કાર્યક્રમોનું આયોજન કરેલ. વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી માનનીય કેબિનેટ મંત્રી શ્રી સુશીલકુમાર શિંદેના વરદ હસ્તે 'ગોલ્ડશીલ્ડ' એનાયત થતા ભારતની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની તરીકે નામના મેળવી ગુજરાત વિદ્યુત બોર્ડથી માંડી કંપનીકરણના ઇતિહાસમાં ન થયું હોય તેવું 'સ્પોર્ટસમીટ'નું ભવ્ય આયોજન તેમના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર ખાતે આવેલ સ્પોર્ટસ ઓથોરિટીના કેમ્પસ ખાતે કરવામાં આવેલ. જેમાં એક સાથે ૨૫થી વધુ રમતો કુલ ૨૫૦ (બસો પચાસ) જેટલા કર્મચારીઓએ ખેલાડી તરીકે ભાગ લીધેલ અને પોતે પણ બેડમીટન જેવી સ્પર્ધામાં ભાગ લઈ કર્મચારીઓના ઉત્સાહમાં વધારો કરેલ. એક રમતવીર તરીકે કંપનીના કર્મચારીઓની વિવિધ રમતોને પ્રોત્સાહન આપેલ જેને લીધે તેઓના કાર્યકાળ દરમ્યાન ૨૧ (એકવીસ) જેટલી ઇન્ટર કંપની ટ્રોફીઓ કંપનીના કર્મચારીઓ દ્વારા વિવિધ રમતોમાં પ્રાપ્ત કરવામાં આવેલ અને રમતગમત ક્ષેત્રે એક અનોખો માહોલ ઊભો થયેલ. વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે 'પાવર લાઇન' એવોર્ડથી કંપનીને સન્માનિત કરવામાં આવી. વાઇબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટ સમિટ દ્વારા કોલંબિયા વોટર સેન્ટર સાથે થયેલ એમઓયુ અન્વયે પાણી તથા વીજળી બચાવવાના સંશોધનાત્મક પ્રોજેક્ટનું કુકરવાડા ખાતે સફળ અમલીકરણ કરેલ.

વીજ અકસ્માત અંગે અત્યંત સંવેદશીલ રહીને કર્મચારીઓને વીજ અકસ્માત ન થાય તે માટે ખાસ અનુરોધ કરેલ અને

વીજ સલામતીના સાધનો વાપરવા માટે કર્મચારીઓને અપીલ કરેલ. કર્મચારીઓ અને ગ્રાહકોને વધુ સારી સગવડો મળે તે માટે નવીન કચેરીઓના નિર્માણની હિમાયત કરતા અને નવીન કચેરીઓને લોકાર્પણ કરવામાં અગ્રીમ કામગીરી કરેલ. ચારણકા ખાતે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. કલામને દોરવણી (એસ્કોર્ટીંગ) કરીને સમગ્ર પ્રોજેક્ટથી વાકેફ કરેલ. સંશોધનાત્મક ક્ષેત્રે સતત પ્રોત્સાહનને લીધે કંપનીના એન્જિનિયર શ્રી આર.બી. પટેલ દ્વારા પાયલોટ એન્ડવાન્સડ્ ટ્રાન્સફોરમર 'PAT' સંશોધન કરવામાં આવ્યું અને તેનો પેટન્ટ રજીસ્ટર્ડ કરેલ. રોયલ્ટીની આવક પણ કંપનીને મળવા લાગી અને રાજસ્થાન, હરિયાણા જેવા રાજ્યોમાં તેને કાર્યરત કરવા માટે માંગણી થયેલ. વધુમાં આ કામગીરીને અનુલક્ષીને સંશોધનાત્મક ક્ષેત્રે આવિષ્કાર માટે IUKAI તરફથી એવોર્ડ પ્રાપ્ત થયેલ.

પાયલોટ એડવાન્સડ્ ટ્રાન્સફોર્મરના આવિષ્કાર માટે સદર એવોર્ડ યુજીવીસીએલને પ્રાપ્ત થયેલ. ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે 'ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૨' પ્રાપ્ત થયેલ. ERDAની મેનેજિંગ કમિટીમાં કંપનીના મુખ્ય ઇજનેર શ્રી ડી.સી. પરમારને તેઓશ્રીના પ્રોત્સાહક અભિગમને લીધે સભ્ય તરીકેનું સ્થાન પ્રાપ્ત થયું. છેલ્લા ત્રણ વર્ષથી એ-પ્લસ રેટીંગની કામગીરી દ્વારા કંપનીના ગૌરવમાં સતત વધારો થયેલ છે. મોબાઇલ ઓનસ્પોટ બિલિંગનો કાર્યક્રમ અમલમાં મુકયો. મોબાઇલમાં મેસેજ દ્વારા બીલ બન્યા પાછી ગ્રાહકને જાણ થાય તેમજ બીલ ચુકવવાની જાણ અને ચુકવણી બાદ પણ તે અંગેની જાણ ગ્રાહકને કરવામાં આવે તેવી પધ્ધતિનું અમલીકરણ કરવામાં આવ્યું. એરડા દ્વારા નારોલ ખાતે ટેસ્ટિંગની લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી. ડાર્કઝોન વિસ્તારમાં ખેતીવાડી વીજ જોડાણ માટે પારદર્શક અને ન્યાયિક કામગીરી દ્વારા ખેડૂતોની માંગણી







સંતોષી. લોક દરબાર કાર્યક્રમ દ્વારા ગ્રાહકોના પ્રશ્નોના ઝડપી ઉકેલ લાવવાના સંનિષ્ઠ પ્રયત્નો હાથ ધર્યા. ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ વિદ્યુત સહાયકની ભરતીની પ્રક્રિયા વધુ પારદર્શક અને ન્યાયિક બને તે માટે કમ્પ્યુટરાઇઝડ ડમી નંબર આપવાની પ્રક્રિયા હાથ ધરેલ. યુજીવીસીએલની યશકલગીમાં વધુ એક પીછાંનો ઉમેરા કરતા 'ગ્રીનેસ્ટ ડિસ્કામનો રનર્સઅપ એવોર્ડ' પ્રાપ્ત કર્યો.

સરકારશ્રીના આદેશ અનુસાર ઉત્તરાખંડના આપત્તિગ્રસ્તોને ત્વરિત પંચાવન જેટલી જીવન જરૂરિયાત વસ્તુઓની રૂ. ૨૫ લાખની કિંમતની કીટો તૈયાર કરી ટ્રકો દ્વારા રવાના કરેલ.

બેસ્ટ યુટિલિટી પ્રેક્ટિસ માટેનો એવોર્ડ પ્રાપ્ત થયો. વધુ એક યાદગાર 'સ્પોર્ટસમીટ'નું આયોજન હિંમતનગર ખાતે કરવામાં આવ્યું જેમાં એક દિવસમાં વિવિધ રમતોની ૪૦ (ચાલીશ) જેટલી સ્પર્ધાઓનું આયોજન કરી કુલ ૪૭૩ (ચારસો તોતેર) જેટલા કર્મચારીઓ, નિર્ણાયક/આયોજકો મળીને કુલ ૬૫૦ (છસો પચાસ)થી વધુ વ્યક્તિઓને તમામ સગવડો સાથે મનોરંજિત કરીને સફળ કાર્યક્રમનું આયોજન તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ કરેલ અને તેમજ અગાઉની ગાંધીનગર ખાતેની સ્પોર્ટસમીટ કરતા ભવ્ય વધુ એક ઐતિહાસીક કાર્યક્રમનું આયોજન કરેલ. જેના સ્પર્ધકો દ્વારા સુંદર પ્રતિભાવો આપવામાં આવેલ.

તેમના કાર્યકાળ દરમ્યાન શ્રીમતી છાયાબેન આર. દેસાઈને વીજ ક્ષેત્રે સમગ્ર રાજ્યમાં પ્રથમ મહિલા મુખ્ય ઇજનેર તરીકે બઢતી આપીને વરણી કરેલ. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છતા અભિયાન અંગે કરેલ આહવાનનો પ્રતિસાદ આપી **'સ્વચ્છ યુજીવીસીએલ'** સફાઈ ઝુંબેશનો કાર્યક્રમ અમલમાં મુકેલ.

દર વર્ષે પ્રજાસત્તાકદિન તથા સ્વાતંત્ર દિનની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લઈને કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોને પ્રોત્સાહિત કરવાની કામગીરી કરેલ. ઉપરાંત નૂતન વર્ષ નિમિત્તે કર્મચારીઓ સાથે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરીને ક્રર્મચારીઓની નજીક જવાનો હંમેશા પ્રયત્ન કરેલ. નાનામાં નાના કર્મચારીઓ સાથે ઝીણામાં ઝીણી બાબતની ચર્ચા કરીને કામકાજ અંગે પ્રોત્સાહન પૂરું પાડતા મિલનસાર સ્વભાવને લીધે યુજીવીસીએલ પરિવારના સભ્યો હંમેશા તેમનું સ્થાન પોતાના હૃદયમાં રાખીને યાદ કરશે. યુજીવીસીએલ પરિવાર તેઓને ભવિષ્યની કામગીરી માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે. ■

# એનએબીએલ પ્રમાણિત હાઈટેક લેબોરેટરી દ્વારા મીટર પરિક્ષણની થઈ રહેલ સચોટ અને વિશ્વસનીય કામગીરી

**આ ટેસ્ટ ઈક્વિપમેન્ટની એક્યુરસીનો કલાસ ૦.૦૫ છે. સંપૂર્ણ ટેસ્ટ બેચનું ઓપરેશન અને જુદા જુદા ઈલેક્ટ્રિકલ પેરામીટરનો કંટ્રોલ કોમ્પ્યુટર દ્વારા ખાસ પ્રકારના સોફ્ટવેર વડે થાય છે.**

સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ધ્યેયને પ્રાપ્ત કરવાના પ્રયત્નોને આગળ ધપાવતાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ સતત હાથ ધરવામાં આવી રહેલ છે. જે માટે કંપની હસ્તકના સાબરમતી વર્તુળ કચેરીના પ્રાંગણમાં આવેલ હાઈ-ટેક મીટર ટેસ્ટિંગ લેબોરેટરીને કેન્દ્ર સરકારના નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ (એનએબીએલ) દ્વારા અધિકૃત પ્રમાણપત્ર એનાયત થયેલ છે. જેનું ઉદ્‌ઘાટન કંપનીના ચેરમેન શ્રી ગુરુપ્રસાદ મહાપાત્રના વરદ હસ્તે તારીખ ૩૧-૫-૨૦૦૭ના રોજ કરવામાં આવેલ.

વીજ વિતરણ કંપની પૈકી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા આ પ્રમાણપત્ર મળવાની બાબત સમગ્ર ગુજરાત તેમજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ માટે ગૌરવપ્રદ બાબત છે. સરકાર હસ્તકની વીજ વિતરણ કંપની પૈકી સમગ્ર ભારતમાં આ પ્રકારનું પ્રમાણપત્ર મેળવનાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પ્રથમ વિતરણ કંપની છે.

કોઈ પણ પ્રકારના મીટરનું પરિક્ષણ સચોટ તેમજ વિશ્વસનીયતાથી કરી શકાય તે માટે કંપની દ્વારા એમટીઈ જર્મન બનાવટની એક કરોડથી વધુ કિંમતની મશીનરી વસાવવામાં આવેલ છે. તારીખ ૧૮ ઓક્ટોબર ૨૦૦૫થી આ મશીન દ્વારા મીટરના પરિક્ષણનું કામ હાથ ધરવામાં આવી રહેલ છે. એકી સાથે અલગ અલગ કંપનીના પરંતુ એક જ પ્રકારના ૨૦ મીટરોનું પરિક્ષણ થઈ શકે છે. પ્રત્યેક મીટરના પરિક્ષણની સ્થિતિ માટે બેન્ચ ઉપર એક સ્કેનિંગ હેડ, એક એરર કેલ્ક્યુલેટર અને એક આઈસોલેશન કરંટ ટ્રાન્સફોર્મર (આઇ.સી.ટી) લગાવવામાં આવેલી છે. આઇ.સી.ટીના ઉપયોગથી કરંટ અને વોલ્ટેજ સરકીટ વચ્ચેની લિંકને ખોલ્યા વગર ટેસ્ટ કરી શકાય તેવી વ્યવસ્થા છે.



**આ ટેસ્ટ ઈક્વિપમેન્ટની એક્યુરસીનો કલાસ ૦.૦૫ છે.** સંપૂર્ણ ટેસ્ટ બેચનું ઓપરેશન અને જુદા જુદા ઈલેક્ટ્રિકલ પેરામીટરનો કંટ્રોલ કોમ્પ્યુટર દ્વારા ખાસ પ્રકારના સોફ્ટવેર વડે થાય છે.

આ ટેસ્ટ ઈક્વિપમેન્ટની કરંટ રેંજ ૧ મી.લી એમ્પીયરથી ૧૨૦ એમ્પીયર તથા વોલ્ટેજની રેન્જ ૩૦ વોલ્ટથી ૩૦૦ વોલ્ટની છે. નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ (એનએબીએલ), દિલ્હી દ્વારા મીટરના પરિક્ષણ માટેની સચોટતાને ધ્યાનમાં લઈને પ્રમાણપત્ર આપવામાં આવે છે. જેને માટે લેબોરેટરીએ આઇએસઓ - આઇઇસી ૧૭૦૨૫:૨૦૦૫ અન્વયે જરૂરિયાતોને અધિકૃત પ્રમાણપત્ર મેળવવા માટે પૂર્ણ કરવાની હોય છે. એન.એ.બી.એલ આ પ્રકારનું પ્રમાણપત્ર આપવા માટેની ભારતની એકમાત્ર સંસ્થા છે. પ્રથમવાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા આ પ્રમાણપત્ર મેળવવાની કાર્યવાહીના ભાગ રૂપે ઈલેક્ટ્રોનિક્સ ક્વોલિટી ડેવલપમેન્ટ સેન્ટર ગાંધીનગરની કન્સલટન્ટ કંપની તરીકે મદદ લેવામાં આવેલ.

એનએબીએલના સદર પ્રમાણપત્રને આઠ વર્ષ પૂર્ણ થયેલ છે. આ આઠ વર્ષ દરમિયાન હાઈટેક મીટર લેબોરેટરીએ આઇએસઓ-આઇઇસી ૧૭૦૨૫:૨૦૦૫ અન્વયે જરૂરિયાતો તથા નિતિ નિયમોનું

ચોક્કસપણે પાલન કરેલ છે. ઉપરાંત દર વર્ષે એનએબીએલ દ્વારા નિષ્ણાત તજ્જ્ઞોની ટીમ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે. અપેક્ષિત મૂલ્યાંકો પૂર્ણ કરવામાં હાઈટેક મીટર લેબોરેટરીએ સફળતા મેળવેલ છે. જેને લીધે તાજેતરમાં એનએબીએલ દ્વારા સદર પ્રમાણપત્રને તારીખ ૧-૭-૨૦૧૫ સુધીની મંજૂરી આપવામાં આવેલ છે.

વધુમાં હાઈટેક મીટર લેબોરેટરી દ્વારા ઈલેક્ટ્રો-ટેકનિકલ કેલીબ્રેશનનું પ્રમાણપત્ર મેળવવા માટે તારીખ ૧૧-૯-૨૦૦૮ના રોજ અરજી કરવામાં આવેલ. અહીં મહત્ત્વની બાબત એ હતી કે, કોઈ પણ બાહ્ય કન્સલ્ટન્ટ કે તજ્જ્ઞોની મદદ વિના તે અંગેનું પ્રમાણપત્ર તારીખ ૨૩-૬-૨૦૦૯ના રોજ મેળવેલ અને તે પ્રમાણપત્ર દ્વારા તા. ૨૩-૬-૨૦૧૫ સુધીની મંજુરી આપવામાં આવેલ છે.

તાજેતરમાં તા. ૧૮ અને ૧૯ એપ્રિલ ૨૦૧૫ના રોજ હાઈટેક મીટર લેબના બંને પ્રમાણપત્રોનું એનએબીએલ દ્વારા પુનઃચાલુ રાખવા માટે તજ્જ્ઞો દ્વારા ચકાસણી કરવામાં આવેલ અને તે સફળતા પૂર્વક પાર પાડેલ છે. જેથી બંને પ્રમાણપત્રોની મર્યાદા ૨૦૧૭ સુધી મંજુર કરવામાં આવશે.

સાબરમતી ખાતેની આ હાઈટેક લેબોરેટરી દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૪,૭૪૮ જેટલા મીટરનું સચોટ તથા વિશ્વસનીય પરિક્ષણ કરેલ છે. જેમાં સરકારશ્રીના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા મોકલવામાં આવેલ ૩૫૦ (ત્રણસો પચાસ) જેટલા મીટરોનું પણ પરિક્ષણનો સમાવેશ થાય છે. ગ્રાહકને હાલમાં ઓપન પાવર પરચેઈઝ પોલીસીમાં જવા માટેના જરૂરી એબીટી મીટરનો પણ સચોટ પરિક્ષણ કરવામાં આવે છે.

હાઈટેક મીટર લેબોરેટરીની કામગીરીના ભાગ રૂપે કરંટ તેમજ પોટેન્શિયલ ટ્રાન્સફોર્મર ટેસ્ટિંગ માટેની નવીન લેબોરેટરી બનાવીને કંપનીએ ૩૦ લાખ રૂપિયાનો ખર્ચ કરેલ છે. જેમાં ૧૦૦૦ એમ્પીયર સુધીના કરંટ ટ્રાન્સફોર્મર તથા ૧૧ કે.વી. સુધીના પોટેન્શિયલ ટ્રાન્સફોર્મરના તથા કંબાઈન્ડ ૧૧ કે.વી. સીટીપીટી યુનિટના ઈન્ડિયન સ્ટાન્ડર્ડ પ્રમાણે ટેસ્ટ કરી શકાય છે. અત્યાર સુધીમાં કુલ ૩૪૫૦ સીટીપીટી/કોઈલોનું સચોટ પરિક્ષણ કરેલ છે.

આ હાઈટેક લેબોરેટરી દ્વારા કરવામાં આવી રહેલ કામગીરી દ્વારા કંપનીના ગ્રાહકોને મહત્તમ સંતોષ આપવાનો પ્રયત્નની કામગીરી સાથે સંલગ્ન કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહેલ છે. ■

## શુભરાત્રિ...

'સનસેટ'ની પહાડી પરથી નજર,
સામે સમી સાંજનો ઢળતો સૂરજ.
આછકલાં વાદળાં વચ્ચે પડી,
જાણે ખીજવતાં અટાળે ચડી.
આભલું મૌન, પણ બોલ્યું સંભળાયું,
પધારજો પ્રાભાતે ને સ્વાગતમ સંધ્યા.
રંગ રાતી કિરણાવલી છોડે છે,
રતિ વહાલ બની બાલ ગાલ પર.
હેતાળવી છેડછાડ કરે છે જાણે,
તો પણે પહાડને ટેકે સૂરજ.
લેતો વિદાય આશિષ ઓચરતો,
વાત્સલ્ય વરસાવતો, પ્રેમલ સ્મિત છેડતો.
કહી રહ્યો શુભરાત્રિ, મયૂર-શિલ્પાને,
પહાડમાં પ્રતિઘોષ, શુભરાત્રિ, શુભરાત્રિ.

## સ્નેહસરિતા

સ્નેહસરિતા ઊછળકૂદ પ્રગટે,
ધ્રુજવે ધરા ધીન-ધીન ધબાકે,
અધીરી આજ જાણે પ્રેમોન્મત્ત,
સ્નેહ રસે છાલકે વન-જન મન.
ને પ્રેમલ દોડતી, હસતી ઊછળતી,
ક્ષણ ક્ષણ વીતે ધીર ગંભીર,
ધરા તરબર ને ધરા બાળ ધરબતી,
શાંત સલુતી, મઝધારે મલકતી
સાગરની શોધમાં શાશ્વત સ્નેહની સોડમાં
જવા આતુર...
શું સંભવ એ ચિર મિલન?
કે પછી ઓરતા અધૂરા દીશે.
ને સરિતા-જળ રેતમાં ડૂબી જશે.

**શ્રી ઘનશ્યામ પટેલ**
એક્ઝિક્યુટિવ એન્જિનીયર,
લાયઝન ઓફિસ, ગાંધીનગર

# ૪૦મી ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમ દ્વિતિય ક્રમે વિજેતા

## તેલંગાણા ટ્રાન્સ્કોની ટીમ ચેમ્પિયન...

તા. ૨૪-૩-૨૦૧૫થી તા. ૨૭-૩-૨૦૧૫ દરમ્યાન ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ દ્વારા નિર્ધારિત ચેસ ટુર્નામેન્ટનું આયોજન મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટ કંપની દ્વારા જબલપુર ખાતે કરવામાં આવેલ. રાષ્ટ્રીયસ્તરની આ ટુર્નામેન્ટમાં સમગ્ર ભારતમાંથી કુલ ૧૪ (ચૌદ) જેટલી ટીમોએ ભાગ લીધેલ. રસપ્રદ અને રોમાંચક ટુર્નામેન્ટના અંતે તેલંગાણા ટ્રાન્સ્કોએ ૯ (નવ) પોઈન્ટ પ્રાપ્ત કરી ચેમ્પિયન બનીને ટુર્નામેન્ટ જીતી લીધેલ. જ્યારે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.ની ટીમે પ્રભાવશાળી દેખાવ કરી ગત વર્ષની વિજેતા તમામ ટીમોને હાર આપીને ૭ (સાત) પોઈન્ટના મજબૂત બૂકેલોઝ પ્રમાણે પોતાનું દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જ્યારે યજમાન મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટ ટીમે ૭ (સાત) પોઈન્ટ સાથે તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.ની ટીમે ગત વર્ષની વિજેતા તામિલનાડુ, રીલાયન્સ, એ.પી. ટ્રાન્સ્કોને હાર આપી સપાટો બોલાવેલ છે, જ્યારે તેલંગાણા ટ્રાન્સ્કો તથા મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટ કંપની સામેની મેચો બરાબરી કરેલ. આમ ૨૦૦૭-૨૦૦૮માં હરિયાણા, હિસ્સાર



ખાતે કરેલ પ્રદર્શન કરતા વધુ સારું પ્રદર્શન કરીને પોતાની પ્રતિષ્ઠા પ્રમાણે ટુર્નામેન્ટમાં પોતાનો દબદબો કાયમ રાખેલ છે. ટુર્નામેન્ટ જીતવાના મહત્ત્વના પરિબળમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ટીમના પ્રથમ ક્રમે રમેલ ખેલાડી શ્રી કમલ લાડ પ્રથમ નંબરના ટેબલે ૫ (પાંચ)માંથી ૪.૫ (સાડા સાર) પોઈન્ટ મેળવીને બોર્ડ પ્રાઈઝ પ્રાપ્ત કરેલ છે. જ્યારે ત્રીજા ક્રમે રમેલ ખેલાડી શ્રી કે.વી. હાલાણીએ ત્રીજા નંબરના ટેબલ ઉપર રમીને ૫ (પાંચ)માંથી ૪ (ચાર) પોઈન્ટ મેળવીને બોર્ડ પ્રાઈઝ મેળવેલ છે. શ્રી લાડ અને શ્રી હાલાણીના વ્યક્તિગત પ્રભાવશાળી દેખાવ ઉપરાંત અન્ય ખેલાડીઓના દેખાવને લીધે જીયુવીએનએલની ટીમ દ્વિતિય ક્રમે વિજેતા બનેલ છે.

અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડથી લઈને કંપનીકરણ સુધીના સમયગાળામાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી બોર્ડની ચેસ ટુર્નામેન્ટમાં ખેલાડીઓ દ્વારા ઉત્કૃષ્ટ દેખાવો

### દ્વિતિય ક્રમે વિજેતા બનેલ જીયુવીએનએલ ટીમના ખેલાડીઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી કે.આર. લાડ | પી.ઓ. ૧ | જીસેક, ઉકાઇ ટીપીએસ |
| શ્રી કે.વી. હાલાણી | નાયબ ઈજનેર | પીજીવીસીએલ, બોટાદ, વિ.ક. |
| શ્રી એમ.આર. પરમાર | નાયબ ઈજનેર | જીસેક, વણાકબોરી ટીપીએસ |
| શ્રી આર.એ. ઠાકોર | નાયબ અધિક્ષક (હિસાબ) | જીસેક, ધુવારણ ટીપીએસ |
| શ્રી એસ.એ. નાયક | આસી. મેનેજર (પીઆર) | યુજીવીસીએલ, આરઓ, મહેસાણા |



ટીમ જીયુવીએનએલ



ટ્રોફી સાથે જીયુવીએનએલની ટીમ




સમાપન સમારંભના મહાનુભવો

કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

### જીયુવીએનએલ દ્વારા કરવામાં આવેલ ઉત્કૃષ્ટ દેખાવની વિગતો

| ક્રમ | આયોજક | સ્થળ | વર્ષ | વિજેતા ક્રમ |
|---|---|---|---|---|
| ૧. | બોમ્બે સબ અર્બન | દહાણુ | ૧૯૯૫-૯૬ | દ્વિતિય |
| ૨. | મહારાષ્ટ્ર ઇલેક્ટ્રીસીટી બોર્ડ | ઔરંગાબાદ | ૧૯૯૭-૯૮ | ચેમ્પિયન |
| ૩. | ગુજરાત વિદ્યુત બોર્ડ | ગાંધીનગર | ૧૯૯૯-૨૦૦ | તૃતિય |
| ૪. | એ.પી. ટ્રાન્સ્કો | વિજયવાડા | ૨૦૦૬-૨૦૦૭ | તૃતિય |
| ૫. | હરિયાણા બીજલી વિતરણ નિગમ લી. | હિસ્સાર | ૨૦૦૮-૨૦૦૯ | તૃતિય |



વિજેતા ટીમોની સામૂહિક તસવીર



વિજેતા ટીમ જીયુવીએનએલ

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા ચેસ, ક્રિકેટ, ટેબલ ટેનિસ, બેડમીન્ટન, વોલીબોલ, કબડ્ડી, બ્રિજ, કેરમ, ટેનીકોઇટ, ટેનિસ જેવી વિવિધ રમતો માટે ભાઈઓ તથા બહેનોની ટીમો ઓલઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ટુર્નામેન્ટ માટે મોકલવામાં આવે છે. જેમાં ચેસની રમતના ખેલાડીઓએ હંમેશા શિસ્તબદ્ધ રીતે રમીને વારંવાર વિજેતા બનવાનું ગૌરવ પ્રાપ્ત કરેલ. અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડ તથા હાલની ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડને ગૌરવ અપાવવાનું કામ કરેલ છે.

ટુર્નામેન્ટ જીત્યા બાદ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. હસ્તકની તમામ વીજ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓને મોબાઇલ એસએમએસ તથા વોટ્સએપ દ્વારા સંદેશા તથા ફાટોગ્રાફ મોકલવામાં આવેલ. જેના પ્રતિસાદમાં તેઓશ્રી દ્વારા શુભેચ્છા સંદેશ મોકલવામાં આવેલ અને વિજેતા ટીમના તમામ સભ્યોને અભિનંદન સાથે ભવિષ્યની ઉજ્જવલ કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

તા. ૧૯ માર્ચથી ૨૧ માર્ચ ૨૦૧૫ દરમ્યાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા નાયબ મહાપ્રબંધક શ્રી એમ.એ.શેખના માર્ગદર્શન હેઠળ નાયબ અધિક્ષક શ્રી બી.એ. શાહ અને શ્રી ઇમ્તિયાઝભાઇ દ્વારા હોટલ તુલસી ખાતે સુંદર કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. ગુજરાતના જાણીતા ખેલાડી શ્રી એમ.જી. ભટ્ટ દ્વારા ખેલાડીઓને કોચિંગ આપવામાં આવેલ. ટુર્નામેન્ટ રમવા જઈ રહેલ ટીમના સભ્યોને ખાસ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. મેનેજર તરીકે શ્રી હિતેન્દ્રભાઈ આઈ. દવેએ યશસ્વી સેવાઓ આપેલ.

તા. ૨૪-૩-૨૦૧૫ના રોજ બપોરે ૨ વાગ્યે જબલપુર ખાતે આવેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના હોલમાં ઉદ્‌ઘાટન સમારંભનું આયોજન કરેલ. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ઉમેશ રાઉતજી મેનેજિંગ ડિરેક્ટર, મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટ કું, જબલપુર, શ્રી રવિન્દ્ર દ્વિવેદી, જનરલ સેક્રેટરી, સ્પોર્ટ્સ એન્ડ કલ્ચર કમિટી, એમ.પી. પાવર મેનેજમેન્ટ કું લી. તથા શ્રી શૈલેન્દ્ર મહાજન, સેક્રેટરી, સ્પોર્ટ્સ એન્ડ કલ્ચર કમિટી ઉપસ્થિત રહેલ. ખેલાડીઓનું હાર્દિક સ્વાગત કરીને સ્પોર્ટ્સમેન સ્પીરીટની ભાવનાથી ટુર્નામેન્ટ રમવા અનુરોધ કરેલ અને તે અંગેના શપથ લેવડાવવામાં આવેલ.


તા. ૨૬મી માર્ચ ૨૦૧૫ના રોજ સાંજે ખેલાડીઓને સંગીત સાથે સાંજના ભોજન અંગેની ખાસ પાર્ટી આપવામાં આવેલ જેમાં મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટનું કર્મચારીઓ દ્વારા તેમજ ભાગ લેનાર ખેલાડીઓ દ્વારા ફિલ્મ ગીત-સંગીત, હિન્દી કવિતા, લોકગીતો દ્વારા મનોરંજન પૂરું પાડવામાં આવેલ.

તા. ૨૭મીએ સવારે ૯.૦૦ કલાકે વિજેતા ટીમના ખેલાડીઓને સન્માનિત કરવા સમાપન સમારંભનું આયોજન કરવામાં આવેલ. સદર સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી એ.કે. અવસ્થી, એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર, એચ.આર. એન્ડ એડમીન મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટ કું, શ્રી રવિન્દ્ર દ્વિવેદી, જનરલ સેક્રેટરી, સેન્ટ્રલ સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ કમિટી, શ્રી વી.પી. દૂબે, સેક્રેટરી (સ્પોર્ટ્સ), સેન્ટ્રલ સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ કમિટી તથા શ્રી શૈલેન્દ્ર મહાજન ઉપસ્થિત રહેલ. વિજેતા ટીમના ખેલાડીઓમાં ટ્રોફી, મેડલ અર્પણ કરવામાં આવેલ. તમામ ખેલાડીઓને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવેલ. ખેલદિલીપૂર્વક રમવા બદલ તમામ ખેલાડીઓનો આભાર માનવામાં આવેલ.

ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંકલન ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડના સભ્ય શ્રી ગૌતમજી દ્વારા કરવામાં આવેલ. એમ.પી. પાવર મેનેજમેન્ટ કંપની, જબલપુરની આયોજન કમિટી દ્વારા ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરવામાં આવેલ. ખેલાડીઓએ પોતાના પ્રતિભાવ આપીને ટુર્નામેન્ટને યાદગાર ગણાવી હતી. ■

# જોડીએ સંબંધોના તાર

## સાવચેત રહીને, સલામત રહીને!



સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com